ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૩૮ ટકા

# ઉનાળામાં બરફગોળાનું સ્થાન સૌથી વિશિષ્ટ

## શહેરમાં ફૂટપાથ ઉપર ઠેર ઠેર રંગબેરંગી બરફગોળાનું વેચાણ શરૂ

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં ઉનાળાની ગરમીની શરૂઆત થઈ ચુકી છે ત્યારે ઉનાળામાં કોઠો ટાઢો કરવા માટે આઈસક્રીમ અને ઠંડા પીણાં જેવી બારમાસી ચીજો ઉપરાંત શેરડીનો કે કેરીનો રસ, તરબૂચ જેવા સિઝનલ વિકલ્પ મોજુદ છે એ બધામાં બરફગોળાનું સ્થાન સૌથી વિશિષ્ટ છે ગાંધીનગરમાં ફૂટપાથ પર બરફગોળાનું વેચાણ શરૂ થઈ ચુકયું છે. રંગબેરંગી બરફગોળાની ચુસ્કી લેવાનું શહેરીજનોએ શરૂ કરી દીધું છે.

કાળઝાળ ઉનાળો ચાલતો હોય ત્યારે બરફનો ગોળો ન ખાવો એ ઘણાને આગ્રા જઈને તાજમહાલ ન જોવા જેવી વાત લાગે છે. ઉનાળામાં દિવસે આગના ગોળાની અને રાત્રે બરફના ગોળાની આણ વર્તાય છે. ઉનાળાની રાતે બરફની લારીઓ જયાં ઉભી હોય છે તે જગ્યા ફરવાલાયક સ્થળનો દરજ્જો પામે છે. લારીની આજુબાજુ પથરાયેલી ખુરશીઓ પર, આડાઅવળાં પાર્ક થયેલા વાહનો સાથે અને સડક પર નાનાં જૂથોમાં ટોળે વળેલા શહેરીજનોને જોઈને એવું લાગે જાણે ચૂંટણીના પરિણામોની કે કોઈ મસ્ત મોટો ઝઘડો પુરો થઈ ગયા પછીની રસિક ચર્ચા ચાલી રહી છે. પેરિસની સડકો પર ચર્ચા માટે વિખ્યાત કાફે હશે પણ આધ્યાત્મિક પ્રકાશની જેમ બરફના ગોળાની લારીઓ માટે આપણા ગાંધીનગરના શરણે આવ્યા વિના ઉધ્ધાર નથી. શહેરમાં એક અરસો હતો જયારે બરફના ગોળાની લારીઓની ઉનાળામાં લાઈનો પથરાતી હતી પરંતુ શહેરમાં વધતા જતા વિકાસના વેગમાં અમુક સ્થળો પર લારીઓ ઉભી રહેતી હતી તે હવે જોવા મળશે નહીં. મહાત્મા મંદિરથી ગ-૪ના ફૂટપાથ ઉપરતો બરફગોળાની ખૂબ બોલબોલા રહેતી હતી. હવે શહેરના સેકટર-૧૬, સેકટર-૨૧, સેકટર-૨૪, સેકટર-૬, ઈન્ફોસિટી, સરગાસણ, કુડાસણ વિસ્તારોમાં બરફગોળાની લારીઓ ઉનાળા દરમિયાન





પૂરજોશમાં ચાલશે તથા શહેરના ફૂટપાથો પર રાત્રી દરમિયાન બરફગોળાની લારીઓ પર શહેરીજનોની ભીડ જોવા મળશે. હાલમાં પણ સાંજે શહેરીજનો ઈવનિંગ વોક કરતી વખતે રંગબેરંગી ચટાકેદાર સ્વાદિષ્ટ મનપસંદ બરફગોળાની મજા માણી રહ્યા છે.


બરફના ગોળાનો ઓર્ડર આપ્યા પછી ગોળો હાથમાં આવતા સુધીનો સમય કસોટીનો હોય છે એ વખતે રાહ જોનારને એવું લાગે છે જાણે આખા જગતમાં બધા માણસો બરફગોળો ચુસી રહ્યા છે. ચોતરફ તેમના સીસકારાનો કર્ણ મંજૂલ ધ્વનિ સંધ્યાકાળે મંદિરમાં થતા ઘંટારવની જેમ ગુંજી રહ્યો છે. અને આપણો જ બરફગોળો હજુ આવ્યો નથી. વાતચીતમાં મન પરોવાઈ જાય તો જુદી વાત છે બાકી એક વાર આ ખ્યાલ મનનો કબજો કરી લે પછી તે મળે નહીં ત્યાં સુધી મજા ન આવે. વારંવાર એ બરફ બનતો હોય ત્યાં ગ્રાઉન્ડ ઝીરો પર ધસી જઈને તપાસ કરવામાં આવે છે. તેનાથી ગોળો બનવામાં ઝડપ થાય કે ન થાય પણ કોશિસ તો કરી એવું આશ્વાસન મળે છે.

બરફના ગોળા હવે પડિયામાં કે બાઉલમાં મુકીને આપવામાં આવે છે. બાકી બરફનો અસલી રોમાંચ કોઈ પડિયામાં-બાઉલ વિના કમરેથી સહેજ આગળ ઝૂંકીને રસ ટપકતો બરફનો ગોળો ચૂસવામાં આવે છે. ગોળો સળીનો સાથ છેડી ન દે એનું ધ્યાન રાખવામાં આવે છે. રસહીન થયેલા બરફ પર નવેસરથી અને મફતમાં રસ છંટાવવો, આ બધી મજા પડિયાવાળા બરફગોળામાં આવતી નથી. ચમચીથી બરફગોળો ખાવો એના કરતા લાકડીવાળા ગોળા ખાવાની મજા અનેરી હોય છે.

ડીસગોળામાં કાજુ, બદામ, ટમટમ, દ્રાક્ષ, ટોપરું, મલાઈ, ચેરી, ચોકલેટ વિગેરે ઉમેરીને મોટો ડીસગોળો બનાવવામાં આવે છે. જેમાં વિવિધ ફલેવરના રસ ઉમેરીને સ્વાદિષ્ટ ગોળો તૈયાર થાય છે. જેવી જેવી ડિશ તે મુજબનો ભાવ લેવામાં આવે છે. ૨૦ રૂપિયાથી ૨૦૦ રૂપિયા સુધીના અવનવા રંગરૂપ અને સ્વાદમાં બરફગોળા વેચાય છે જેની શહેરીજનો ઉનાળા દરમિયાન ભરપૂર માત્રામાં મજા લેતા હોય છે.

નાના બાળકોને અતિ પ્રિય બરફગોળો હોવાથી ગૃહિણીઓ બાળકો માટે ઘરે જ બરફગોળો બનાવી આપે છે. જેમાં બાળકોના સ્વાસ્થ્ય અંગેની જાળવણી પણ થઈ શકે છે તેથી બાળકો માટે બહારના બરફગોળા કરતા ઘરે બનાવેલા સ્વાદિષ્ટ બરફગોળા ઉત્તમ રહે તેવું ગૃહિણીઓ પણ માને છે.

## જન્મદિને વધામણી



**નિમેષ રાવલ**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ,
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર
મો. : ૯૮૭૯૫ ૨૮૭૦૨



**નિલ્પેશ પ્રવીણભાઈ શ્રીમાળી**
મો. ૭૦૯૬૭૮૧૯૮૫

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે ‘એકસપ્લોર કચ્છ’ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીકની સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ડિઝાઈન વિભાગે તા.૧૭મીથી ૧૯મી ફેબ્રુઆરી દરમિયાન ’એકસપ્લોર કચ્છ’ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન, પ્રોવોસ્ટ ડૉ. કાર્તિક જૈન અને ફેશન ડિઝાઈનર દિશા વડગામ દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના વિદ્યાર્થીઓએ પ્રદેશીક કલા, ડિઝાઈન અને સંસ્કૃતિની સમજણ માટે કચ્છની મુલાકાત



લીધી હતી. પ્રદર્શનમાં આવનાર મુલાકાતીઓએ વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ ૧૦૦થી વધુ ઉત્પાદનો અને જીવંત પ્રદર્શનોએ મુલાકાતીઓને કચ્છની કલાકૃતિઓ અને કચ્છી ખાદ્યપદાર્થો દ્વારા એ સંસ્કૃતિનો આસ્વાદ કરાવ્યો હતો. પાંચેય વિભાગોના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનને સફળ બનાવવા માટે ખભેથી ખભા મિલાવી ટીમ તરીકે કામ કર્યુ હતું. પ્રદર્શનમાં વિદ્યાર્થીઓની કચ્છની મુલાકાતને દર્શાવતી કોફી ટેબલ બુકનું અનાવરણ ડૉ. કાર્તિક જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# આઈઆઈટી ગાંધીનગરના જીસીએસસી સાથે ‘સ્ટેમ’ શિક્ષણ સંદર્ભે એમઓયુ

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી અને ઈંડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલૉજી ગાંધીનગર દ્વારા આજે તા.૨૩મી ફેબ્રુઆરીએ ‘સ્ટેમ’ શિક્ષણ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા ગુજરાત સરકારના શિક્ષણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં સૈદ્ધાંતિક કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગના સચિવ વિજય નહેરા આઈએએસ તથા આઈઆઈટી ગાંધીનગરના ઈન્સ્ટટ્યૂશનલ એડ્‌વાન્સમેંટના ડીન પ્રો. પ્રતિક મુથાની અધિકૃતતામાં આ પંચવર્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં.

આ એમઓયુ અંતર્ગત આઈઆઈટી ગાંધીનગર વિવિધ પ્રોજેકટ અંતર્ગત ઈન્ટરેકટિવ સ્ટેમ પ્રદર્શનો અને વિડીયો, પુસ્તકો, પ્રકાશનો રજૂ કરશે. મુલાકાતીઓ માટે સ્ટેમ સેશન્સ અને વર્કશોપ હાથ



ધરશે. વિદ્યાર્થીઓ માટે ટિંકરિંગ લેબ વિકસાવશે. શિક્ષકો માટે ક્ષમતા નિર્માણ કાર્યશાળાઓ યોજાશે. સાયન્સ સિટી ખાતે હેન્ડસ ઑન લર્નિંગ તથા પ્રોજેકટસ અંતર્ગત સાયન્સ સિટી ને માર્ગદર્શન પૂરું પાડશે. આ એમઓયુ અંતર્ગત ગુજરાત સાયન્સ સિટી, સાયન્સ સિટી ખાતે પ્રોજેકટ વિકસાવવા સ્ટેકહોલ્ડર મિટિંગ માટે આઈઆઈટી ગાંધીનગરના નિષ્ણાતોને આમંત્રિત કરશે. સાયન્સ સિટીના પરિસરમાં સીસીએલ- સેન્ટર ફોર ક્રિએટીવ લર્નિંગ આઈઆઈટી ગાંધીનગરને ૧૦૦થી વધુ મોટા પ્રદર્શનો, પ્રવૃતિઓ અને મનોરંજન આધારિત શિક્ષણ અન્વયે સાયન્સ સિટી પરિસર ખાતે યોગ્ય જગ્યા અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા શિક્ષક પ્રશિક્ષણ વર્કશોપ અને વિદ્યાર્થી વર્કશોપની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ કરાર અંતર્ગતની પ્રવૃતિઓ માટે સીસીએલ આઈઆઈટી ગાંધીનગરને સાયન્સ સિટી દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ યુનિ.માં શિવાજી જયંતીની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણાથી ભારતનાં મહાન રત્નોની જયંતી-દિન વિશેષની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે હાલમાં જ શિક્ષણશાસ્ત્ર વિભાગના ડિપાર્ટમેન્ટ ઑફ ઈનોવેટિવ એજ્યુકેશન દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની જયંતીની ઑનલાઈન ઉજવણી પ્રો. રણજિતસિંહ પવારની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. આ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. જિજ્ઞેશ પટેલના પ્રસ્તાવિક ઉદ્દબોધન સાથે આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. જેમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના પીએચ.ડી, એમ.એ. ઈન એજ્યુકેશન અને પી.જી.ડી.એસ.સી.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શિવાજી મહારાજનું જીવનચરિત્ર, મરાઠી ભાષામાં પોવડા (શિવાજીનાં પરાક્રમો રજૂ કરતાં લોકગીત) દ્વારા થયું હતું. સાથે સાથે, કાવ્યપઠન અને હાલરડું પણ ગવાયું હતું. અધ્યાપક ડૉ. નીલેશભાઈએ પ્રસંગોચિત વક્તવ્ય રજૂ કર્યુ હતું. વિભાગના વડા પ્રો. રણજિતસિંહ પવારે અધ્યક્ષીય ઉદ્દબોધન આપ્યું હતું. તેમણે જીજાબાઈએ ગર્ભાવસ્થામાં શિવાજી પર દેશ અને ધર્મ માટે સંઘર્ષ કરવા માટેના કરેલા ગર્ભસંસ્કારની વાત યુનિવર્સિટી ધ્યેયોના સંદર્ભમાં કરી હતી. સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. મીનળબા જાડેજા અને સહસંયોજક ડૉ. નીલેશભાઈ રહ્યા, જ્યારે કાર્યક્રમનું સંચાલન ડૉ. રૂપમબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

# પી.કે. ચૌધરી કોલેજમાં સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાઈ



પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાઈ હતી. ડૉ. એમ.એમ. ચૌધરીની ઉપસ્થિતિમાં આ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ચિત્રકલા સ્પર્ધા, ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધોહતો.જેમાં નિર્ણાયકની ભૂમિકામાં ચૌધરી બી.એડ. કોલેજના રાઠોડ ઈન્દુબેન, ગોસ્વામી દિશા અને ડૉ.તેજસ્વીની પટેલ હાજર રહ્યા હતા. આ ઉપરાંત વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તેમજ કાવ્ય પઠન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ચૌધરી સખી અને ચૌધરી સીમા, બીજા ક્રમાંકે ચૌધરી ક્રિષ્ના અને ત્રીજા ક્રમાંકે પટેલ સંધ્યા વિજેતા બન્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તારાબેન દેસાઈએ કર્યુ હતું.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજયકક્ષા)ના ગાંધીનગર શહેરની યુવા ટીમની નિમણુંક

ગાંધીનગર, તા.૨૩

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) ગાંધીનગર શહેરની યુવા ટીમની નિમણુંક કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે મૌલિકભાઈ દિક્ષીત, ઉપપ્રમુખ તરીકે મિહીરભાઈ જોષી, જયદીપભાઈ ત્રિવેદી, મહામંત્રી તરીકે તેજસભાઈ આચાર્ય, કૃતિકભાઈ ભટ્ટ તથા મંત્રી તરીકે શિવાંગભાઈ જોષી, નિસર્ગભાઈ રાવલ, અમરભાઈ પાધ્યાય સાથે કારોબારી સભ્યોની પણ નિમણુંક કરવામાં આવી હતી. રાજયકક્ષા બ્રહ્મસમાજના પ્રમુખ ભરતભાઈ રાવલ, મહામંત્રી અમિતભાઈ દવે, મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી તેમજ શહેર પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી દ્વારા ગાંધીનગર શહેર યુવા ટીમની નિમણુંક કરવામાં આવી છે.

# સરકારી વાણિજ્ય કોલેજ ખાતે કેક અને મફિન મેકિંગનો વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૨૩

સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર ૧૫ ખાતે કેક અને મફિન મેકિંગનો વર્કશોપ સપ્તધારા અંતર્ગત રંગકલા કૌશલ્ય ધારા અન્વયે યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ટ્રેનર તરીકે બ્રિજેશ શ્રીમાળી સેવાઓ આપી હતી વિદ્યાર્થીઓને કે પેસ્ટ્રી કપકેક તેમજ મફિન કેવી રીતે બનાવવા તેમજ તેને કેવી રીતે ડેકોરેટ કરવા તેની માહિતી તમામ સામગ્રી સાથે નિદર્શન કરીને પૂરી પાડી હતી. બહેનોની સાથે ભાઈઓ પણ આમાં રસ દાખવીને કેક કુકીંગ શીખ્યા હતા સમગ્ર વર્કશોપનું આયોજન ડૉ. પ્રતિભા નાયર તથા ડૉ. પારુલ દવે ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કોલેજ પરિવાર તથા આચાર્ય ડૉ. એ.એન સુતરીયા એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ચૌહાણ બળવંતસિંહ ઝવેરસિંહ, ઉ.વ. ૭૨, ગ્રામભારતી
- સ્વ. વાળોદરા નીરૂબેન હસમુખભાઈ, ઉ.વ. ૩૯, સેકટર-૫

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પ્રજાપતિ શારદાબેન હીરાભાઈ, ઉ.વ. ૭૨, વાવોલ
- સ્વ. પ્રજાપતિ રામલાલ સુમેરૂ, ઉ.વ. ૬૦, જમીયતપુરા

# ગાંધીનગરના બે સર્જકોના પુસ્તકોને ઈન્ડિયા અને એશિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

## કવિ નિરંજન શાહનું ‘ભીના શબ્દો’ અને સંજય થોરાતનું ‘સુવિચારોનું સેનિટાઇઝર’ બે પુસ્તકોને સ્થાન મળ્યું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સાહિત્યિક ક્ષેત્રે એક ગૌરવની ઘટના સર્જાવા પામી છે. તા.૨૨મી ફેબ્રુઆરીએ એક જ દિવસમાં એક જ સમયે ૫૭ પુસ્તકોનું વિમોચન થતાં આ વિક્રમની નોંધ ‘એકસાથે પ્રાદેશિક ભાષામાં સૌથી વધુ પુસ્તકોનું વિમોચન’ શિર્ષક હેઠળ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. આ લેખકોમાં ગાંધીનગરના સંજય થોરાત અને નિરંજન શાહ સાથે ભારતના વિવિધ શહેરોમાંથી કુલ મળીને ૫૭ પુસ્તકો અને ૫૯ લેખકોના એકસાથે પુસ્તક વિમોચન થયા હતા. ગાંધીનગરના જૈન સમાજના નિરંજન શાહ ‘નીર’ના ગઝલ સંગ્રહ ‘ભીના શબ્દો’ના વિમોચન દ્વારા એશિયન બુક્સ ઓફ રેકોર્ડ અને ઈન્ડિયન બુક્સ ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું. જે બદલ ગાંધીનગરનો જૈન સમાજે પણ ગર્વની લાગણી વ્યક્ત કરી છે.

નેકસસ સ્ટોરીઝ પબ્લિકેશન અને સંકલ્પ સાહિત્ય સમૂહ દ્વારા સંયુકત રીતે સ્વતંત્રતાનાં અમૃતપર્વ વર્ષમાં ભારતીય સાહિત્યને વૈશ્વિક સ્તરે પહોંચાડી એક ઐતિહાસિક શરૂઆતથી વિક્રમ સ્થાપિત કરવાના એક દઢ સંકલ્પ સાથે કાર્ય કરી રહ્યું છે. જેમાં એક જ



દિવસમાં ૫૦ થી વધુ પુસ્તકોના વિમોચન કરવામાં આવ્યું હતું. નેક્સસ પબ્લિકેશનના કૌશલ જોશી, સંકલ્પ સાહિત્યના સાગર ચૌચેટા, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને ગોપાલ ખેતાણી દ્વારા ઓનલાઈન આ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ઓનલાઈન ૧૨૫ જ્યારે ઓફલાઈન ૧૫૦ સાહિત્ય પ્રેમીઓ જોડાયા હતા. કુલ ૫૭ પુસ્તકો અને ૫૯ લેખકોના આ પુસ્તકોમાં ગાંધીનગરના પણ બે સાહિત્યકારના પુસ્તકોનો સમાવેશ કરાયો છે. ગાંધીનગરના કવિ નિરંજન શાહનું ‘ભીના શબ્દો’ અને સંજય થોરાતનું ‘સુવિચારોનું સૅનિટાઈઝર’ આ બે પુસ્તકોનો સમાવેશ થયો છે. ૨૨ ફેબ્રુઆરીએ ઓનલાઈન અને અંજાર ખાતે ઓફલાઈન એમ એકસાથે બે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગરના બે સર્જકો સંજય થોરાત ‘સ્વજન’ અને નિરંજન શાહ ‘નીર’ના પુસ્તકોનું વિક્રમ વિમોચનમાં સમાવેશ થયો છે. આ બન્ને સર્જકોને ટૂંક સમયમાં આ પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પુસ્તકોનું વિમોચન કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું અને આ કાર્યક્રમ દરમિયાન ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના શિલ્પા અને દાસ દ્વારા આ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આઝાદીના અમૃત મહોત્સવને લગતાં પુસ્તકો, આરોગ્યને લગતા પુસ્તકો, કવિતાઓ, ગઝલ, લઘુ નવલ, બાળ સાહિત્ય, ભારતીય ઈતિહાસને ઉજાગર કરતાં પુસ્તક, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના મૂલ્ય આધારિત પુસ્તકોનો સમાવેશ કર્યો છે. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના પુસ્તકોને સમાવવામાં આવ્યા છે. આ પુસ્તકોના કવર પેજ જય સોની અને બુક ડિઝાઈન પૂજા ગાંધી દ્વારા કરવામાં આવી છે.

# આજે શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે પાટોત્સવ


ગાંધીનગર, તા.૨૩

શ્રી ગોવર્ધનનાથજી હવેલી પાટોત્સવ મંદિર, સેકટર-૨૧નો પાટોત્સવ અને નંદ મહોત્સવ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૨૪મીએ સવારે ૧૦.૩૦ થી ૧૧.૦૦ સુધીમાં યુવા વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર મહોદયની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજવવામાં આવશે તથા સાંજે ૪ વાગ્યે પુષ્ટિ સંપ્રદાયના આ ઉત્સવો અંગે વચનામૃત અપાશે. ત્યારબાદ સાંજે ૬.૦૦ વાગે વસંતના પર્વ પ્રસંગે ફુલફાગ રસિયાનો ઉત્સવ ઉજવાશે. પૃષ્ટિ સંપ્રદાયના આ અનેરા ઉત્સવોના દર્શન અને આનંદનો લાભ લેવા ભકતજનોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગર જિલ્લા મઝદૂર સંઘની વર્ષ-૨૦૨૨ માટેની કાર્યકારિણી નિયુક્ત કરાઈ







ગાંધીનગર, તા.૨૩

ભારતીય મઝદૂર સંઘ સંલગ્ન ગાંધીનગર જિલ્લા મઝદૂર સંઘની ગત તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ જિલ્લા સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ભારતીય મઝદૂર સંઘના પ્રમુખ ઉમેશભાઈ દવે અને રાષ્ટ્રીય મહિલા મંત્રી કુ.રેખાબેન ભીલની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લા મઝદૂર સંઘની વર્ષ ૨૦૨૨ માટેની નવી કાર્યકારિણીની રચના કરવામાં આવી હતી. નવનિયુકત કાર્યકારિણીમાં ગાંધીનગર જિલ્લા મઝદૂર સંઘના જિલ્લા પ્રમુખ પદે હરેશભાઈ સી. શુક્લ, કાર્યકારી પ્રમુખ પદે રાકેશભાઈ એલ. નિમાવત અને જિલ્લા મંત્રી પદે પંકજકુમાર ચૌહાણની નિયુક્તિ કરવામાં આવી હતી. સંમેલનમાં ઉપસ્થિત મઝદૂર સંઘના હોદ્દેદારો અને સભ્યોએ આ વરણીને વધાવી લેતાં નવનિયુકત હોદ્દેદારોને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.